અ. ઇ. મ. સિં. પો.-વ.
વિભાગ/કરણ
આવક નં.
તારીખ

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ચોથા તબક્કા અંતર્ગત બંધાતા મોટા ચેકડેમોના ચુકવણાની પદ્ધતિ બાબત**

ઠરાવ ક્રમાંક : સીડીએમ-2004-35-2904-ક-2,તા.9 8 2007
ગુજરાત સરકાર,
નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તા.9-08-2007

સંદર્ભ : 1.વિભાગના ઠરાવ ક્રમાંક:સીડીએમ-2004-35-2904-ક-2,તા.1-4-2005
2. વિભાગના ઠરાવ ક્રમાંક :સીડીએમ-2004-35-2904 ક-2,તા.18-05-2005

સંદર્ભ (1) માંના ઠરાવમાં નદીઓ પર ઔદ્યોગિક ગૃહો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા રૂ 3 લાખથી વધુ અંદાજિત કિંમત હોય તેવા ચેકડેમો માટેની ચુકવણાની જોગવાઈ (અ) વહીવટ પૈકી (12) મા નિર્દિષ્ટ કરવામાં આવેલ, છે. જેને સંદર્ભ (5) માંના ઠરાવમાં જોગવાઈ (9) થી સુધારવામાં આવેલ. 30% અને 60% કામગીરી પૂર્ણ થયે બન્ને તબક્કે ગુણવત્તા ચકાસણી બાદ ચુકવણાની વર્તમાન પદ્ધતિથી પડતી મુશ્કેલી અંગે કરવામાં આવેલ રજૂઆતોને ધ્યાને લઈને ઠરાવની જોગવાઈમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

(1) રૂ 50 લાખથી ઓછી અંદાજિત કિંમતના ચેકડેમોની કામગીરી 30% અને 60% પૂર્ણ થયે બંને તબક્કે ગુણવત્તા નિયમન અધિકારીશ્રીઓ દ્વારાચકાસણી કરવાની રહેશે.આ ચકાસણી થયા બાદ જ લાગત તબક્કાનાં રનીંગ બીલનું ચુકવણું કરવાની કાર્યવાહી હાથ ધરી શકાશે.

(2) રૂ 50 લાખથી વધુ અંદાજિત કિંમતના ચેકડેમોની કામગીરી 20%,40%,60% અને 80% પૂર્ણ થયે રનીંગ બીલ બનાવી ચુકવણું કરવાનું રહેશે.જે પૈકી 40% અને 80% કામગીરી પૂર્ણ થયે આ બન્ને તબક્કે ગુણવત્તા નિયમન અધિકારીશ્રીઓ દ્વારાચકાસણી કરવાની રહેશે. આ ચકાસણી થયા બાદ જ લાગત તબક્કાનાં રનીંગ બીલનું ચુકવણું કરવાની કાર્યવાહી હાથ ધરી શકાશે.

(3) દરેક રનીંગ બીલમાંથી કુલ કિંમત (સરકારી ફાળો+લોકફાળો)ના 10% અનામત રિટેન્શન મની લેખે વિભાગીય કચેરીએ વીથહેલ્ડ રાખવાના રહેશે.

(4) સમગ્ર કામગીરી પુર્ણ થયે આખરી બીલ બનાવવાનું રહેશે.આખરી બીલમાંથી કુલ કિંમત (સરકારી ફાળો+લોકફાળો)ના 10% અનામત લેખે રનીંગ બીલમાંથી કાપેલ રિટેંશન મની સહિત વિભાગીય કચેરીએ વિથહેલ્ડ રાખવાની રહેશે.જે ચોમાસામાં ચેકડેમમાં પાણી ભરાયા બાદ રૂ 50 લાખથી ઓછી કિંમતના ચેકડેમ માટે નાયબ ઈજનેરશ્રીનું તથા રૂ 50 લાખથી વધુ મોટા ચેકડેમોમાં કાર્યપાલક ઈજનેરશ્રીનું પ્રમાણપત્ર મળ્યે અને તકતી લગાવ્યા બાદ જ ચુકવવાની રહેશે.

આ અંગે વિભાગની ફાઈલ ક્રમાંક સીડીએમ -2007-રાકમં-191-ક5 ક 2 પર મંજુરી લેવામાં આવેલ છે.

( કે.બી. બસા )
ઉપ સચિવ (જળ સંપત્તિ )